## || ૐ શ્રી સાઈરામ ||

## ||ૐ શ્રી સાઈ અવ્યક્તરૂપિણે નમ: ॥ (૫૯)

## અવ્યક્તરૂપ એવા (ધરાવતા) શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

## જે નિરાકાર પરબ્રહ્મનું મૂર્ત સ્વરૂપ છે.

સ્વામી કહે છે-"મારો જન્મ મેં મારી ઇચ્છાથી લીધો છે. મારી માતા મે જ પસંદ કરી છે. મારા અવતાર કાર્યની ઘોષણા પણ મેં પોતે કરી છે. મનુષ્યો ઈશ્વરત્વ પ્રાપ્ત કરી શકે તે માટે અવિકારી રૂપમાંથી હું રૂપ અને નામ લઈને આવ્યો છું."

ચરાચરમાં વ્યાપેલા ભગવાનનો સાંપ્રત (વર્તમાન) અવતાર એટલે ભગવાન બાબા. કેવળ વિશ્વના ઉદ્ધાર માટે તેમણે માનવદેહ ધારણ કરીને અવતાર લીધો. કોઈપણ નામ અથવા રૂપને પ્રાર્થના કરવાથી તે સ્વામી સુધી પહોંચે છે, એવો અસંખ્ય ભક્તોનો અનુભવ છે.

અવ્યક્તરૂપ સાઈની દેવી શક્તિના આ બે ઉદાહરણ. પહેલું શિરડી અવતારનું, તથા બીજું પર્તિ અવતારનું.

શ્રી. વામનભાઈ પટેલ નામનો એક વિધાર્થી સાઈનાથના દર્શન માટે શિરડી ગયો હતો. એકવાર દ્વારકામાઈના બહારના પગથિયા પર તે બેઠેલો હતો, ત્યારે સાઈનાથે એક ભક્ત મારફતે એક સાકરનો ટુકડો તેને મોકલાવ્યો. તે ખાધા પછી થોડી જ વારમાં તેને મુંબઈથી આવેલો તેના પિતાજીનો પત્ર મળ્યો. તેમાં લખ્યું હતું-' તું એસ.એસ.સી. પાસ થયો છે. તેથી ખૂબ જ આનંદથી તેણે નક્કી કર્યું કે, સાઈનાથને કાંઈ પ્રસાદ અર્પણ કરવો. એટલે તે સાંજે ત્યાંના ભોજનાલયવાળા પાસે ગયો અને તેની પાસેથી લાડુ બનાવડાવી લીધા અને તે એક ડબ્બામાં ભરીને તે ડબ્બો લઈને ભાઈ સાઈનાથ પાસે ગયો. તેને જોતા જે સાઈનાથ બોલ્યા " આવ્યો લાડુ લઈને! રસ્તામાં કોઈની પરવા કરી નહીં અને આવ્યો ડબ્બો ખખડાવતો' પ્રથમ વામનભાઈને આનો અર્થ સમજાયો નહીં, પરંતુ પછી તેને યાદ આવ્યું કે, સાઈનાથ પાસે આવતી વખતે રસ્તામાં એક કૂતરો તેની પાછળ આવતો હતો. તેને કાંઈ જ ન આપતા, વામનભાઈ તે ડબ્બો તેવો જ લઈને બાબા પાસે આવ્યો હતો. ચરાચરમાં વસેલા શ્રી સાઈનાથને આ કેમ ગમે?

બીજી વાત છે સાંગલી જિલ્લાના શેટફળે નામના ગામની. અહીંની એક સામાન્ય આર્થિક પરિસ્થિતિમાં જીવન જીવવાવાળી શ્રીમતી કમલ દીક્ષિત નામની સ્ત્રી ભક્તને, ભગવાન શ્રી સત્ય

સાઈબાબા દરરોજ મધ્યરાત્રી પછી તેના ઘરમાં દર્શન દેતા. ક્યારેક વાંસળી વગાડતા ને સંભળાવતા, ક્યારેક ઉપદેશ કરતા,, ક્યારેક ભજન શીખવાડતા. અનેક વર્ષો સુધી આ કાર્યક્રમ અવિરતપણે હતો. એકવાર આખી રાત જાગવા છતાં પણ સ્વામી આવ્યા નહીં. તેથી કમલ દીક્ષિત વ્યથિત થયા. બીજે દિવસે જ્યારે સ્વામી આવ્યા, ત્યારે તેમણે સ્વામીને ન આવવાનું કારણ પૂછ્યું-ત્યારે સ્વામી બોલ્યા- ‘ કાલે રાત્રે હું તો આવી ગયો હતો. પ્રસાદ પણ ગ્રહણ કર્યો હતો. ” કમલ દીક્ષિતને આનું આશ્ચર્ય થયું ત્યારે સ્વામી બોલ્યા –“ કાલે રાત્રે જ્યારે તું મારી રાહ જોતી હતી ત્યારે એક ભમરો તારા ઘરમાં આવ્યો હતો. તેણે કપમાંની ચાને સ્પર્શ કર્યો અને તે નીકળી ગયો. તે કોણ હતો? તે હું જ હતો. ”

યોગાનુયોગથી કમલ દીક્ષિતની વાત પૂનામાં રહેતા સ્વામી ભક્ત સૌ. સરલા જોશીને ખબર પડી. સરલા જોશી પોતે શેટફળે ગામમાં જઈને રહ્યા. આઠ દિવસ અને રાત કમલ દીક્ષિત સાથે વીતાવી. ખરેખર સુખી ઘરમાં રહેતા સરલા દીદીને નાનકડાં ગામમાં, તેમાંય જ્યાં સતત વીજળી (લાઇટ) સંતાકૂકડી રમતી હોય, હવા લેવા માટે પંખો પણ ન હોય એવી જગ્યાએ રહેવું એટલે એક ઘોર તપશ્ચર્યા જ હતી. પરંતુ, સ્વામી પરની અસીમ ભક્તિને લીધે જ તેમણે તે કસોટી સરળતાથી પૂરી કરી અને શેટફળે ગામના કમલ દીક્ષિતની વાર્તા હિંદીમાં ‘ સાઈચરણકમલ ’ નામે પ્રસિદ્ધ કરી. તેનાથી અવ્યક્તરૂપ સાઈનું વ્યક્ત સ્વરૂપ બધાને જાણવામાં મદદ થઈ.

સરલાદીદીએ હિંદી ભાષામાં સ્વામી ઉપર જે પુસ્તકો લખ્યા છે, તેના લીધે ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશના અનેક ભક્તો (લોકો) ને સ્વામીનું ચરિત્ર કાર્ય અને લીલાની માહિતી મળી. આવી રીતે સરલાદીદીએ સ્વામીની વાઙ્મયપૂજા સમર્થપણે કરી છે. હા આ એ જ સરલા જોશી છે જેમને સ્વામીએ એક વચન આપ્યું, તે એ કે, ‘જે કોઈ મારી અષ્ટોત્તરી દિવસમાં ત્રણ વાર, ત્રિકાલ સંધ્યા પ્રમાણે એક વર્ષ સુધી, એકવાર પણ ન ચૂકતા અખંડ, નિત્ય નિયમ કરીને તે મુજબ પઠન કરશે તેના બધાના પ્રત્યેક કામ હું પૂર્ણ કરીશ.’

એવા આ અવ્યક્તરૂપ સ્વામીને અમારા કોટિ કોટિ પ્રણામ. જે ચરાચરમાં વ્યાપ્ત છે, તેમનું સ્વરૂપ જાણી લેવાની બુદ્ધિ તેમણે અમને પ્રદાન કરવી, એ જ તેમના ચરણે પ્રાર્થના.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||